રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૩૩૫ કેસ

કોરોનાને લીધે ૧૦નાં મૃત્યુ : અત્યાર સુધીમાં ૧૨૫૧૭૩ લોકો ડિસ્ચાર્જ થયા જ્યારે ૩૫૨૨નાં મૃત્યુ થયા : એક્ટિવ કેસની સંખ્યા ૧૬૫૯૭

ગાંધીનગર, તા.૫

રાજ્યમાં ૨૪ કલાકમાં ૫૧૮૭૯ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૩૫ પોઝિટિવ કોરોનાના કેસ નોંધાયા હતા. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૧ લાખ ૪૫ હજા ૩૬૨ થયો છે. રાજ્યમાં આજે ૧૦ દર્દીઓના કોરોનાને લીધે મોત થયા કુલ મૃત્યુઆંક ૩૫૨૨ થયો છે. રાજ્યમાં આજે ૧૪૭૩ દર્દીઓ સાજા થયા હતા. આ સાથે કુલ ૧૨૫૧૭૩ દર્દી ડિસ્ચાર્જ થયા રાજ્યમાં આજે ૧૬૫૯૭ કોરોનાના એક્ટિવ કેસ છે.

જેમાં ૯૧ વેન્ટીલેટર પર અને ૧૬૫૦૬ સ્ટેબલ છે. રાજ્યમાં સતત છઠ્ઠા દિવસે પણ કોરોનાના કેસ ૧૩૦૦ને પાર થઈ રહ્યા છે. આજે રાજ્યમાં કુલ ૫૭૯૩૦૮ વ્યક્તિઓ હોમ ક્વોરેન્ટાઈન છે અને ૪૧૮ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરેન્ટાઈન રાખવામાં આવ્યા છે. રાજ્યમાં સાજા થવાનો દર ૮૬.૧૬ ટકા થયેલ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૪૭૫૪૬૫૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં આજે કોવિડ-૧૯ના કારણે ૧૦ના મોત થયા છે. અમદાવાદ શહેરમાં ૩, સુરત જિલ્લામાં ૩ અને શહેરમાં ૧, ગાંધીનગરમાં ૧, રાજકોટમાં ૧ અને વડોદરા શહેરમાં ૧ મોત નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૭૦ અને જિલ્લામાં ૧૭ સાથે કુલ આજે ૧૮૭ કોરોનાના કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૩૮ હજારને પાર થઈ ૩૮૦૦૮ થયો છે.

આજે ૩ દર્દીના મોત થતા શહેરમાં મૃત્યુઆંક કુલ ૧૮૩૨ નોંધાયા છે. સુરતમાં આજે ૧૭૪ અને જિલ્લામાં ૧૦૭ કેસ નોંધાતા કુલ ૨૮૧ કોરોનાના કેસ નોંધાયા હતા. આ સાથે સુરતમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૩૦૮૫૨ થયો છે. આજે ૪ મોત સુરતમાં નોંધાતા કુલ મૃત્યુઆંક ૭૯૩ થયો છે. વડોદરા શહેરમાં ૮૪ અને જિલ્લામાં ૪૨ સાથે કુલ ૧૨૬ કોરોનાના કેસ નોંધાયા છે. આજે ૧ મોત થતા કુલ મૃત્યુઆંક ૧૯૪ થયો છે. રાજકોટ શહેરમાં ૧૦૪ અને જિલ્લામાં ૪૩ સાથે ૧૪૭ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે રાજકોટમાં કુલ સંક્રમિતનો આંકડો ૧૦૧૭૪ થયો છે. જામનગર શહેરમાં ૬૬ અને જિલ્લામાં ૨૮ સાથે ૯૪ કેસ કોરોનાના નોંધાયા હતા. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૬૬૩૩ થયો છે.

અમીરગઢ તાલુકામાં પશુ ચોરી અટકાવવા જન આંદોલન

ગુજરાત-રાજસ્થાનની સરહદનો રસ્તો બંધ કરી દીધો

અમીરગઢ તાલુકાના વિરમપુર વિસ્તારમાં સતત વધતાં જતા પશુ ચોરીના બનાવોને લઈ ગ્રામજનોએ ચક્કાજામ કર્યો હતો. આ ગામમાં અવાર-નવાર થતી

બનાસકાંઠા જીલ્લાના અમીરગઢ તાલુકાના વિરમપુર વિસ્તારમાં ચોરીનાં બનાવો વધતા લોકોએ રસ્તો રોકો આંદોલન શરૂ કર્યુ છે. વિરમપુર વિસ્તારમાં બકરા સતત વધારો થઈ રહ્યો છે. આ તરફ વિરમપુર ગામે લોકો ભેગા મળી વિસ્તારના સહિત આજુ-બાજુ ગામના આગેવાનો સાથે રસ્તા રોકો આંદોલન પર બેઠા છે. જ્યાં

પશુ ચોરીની ઘટનાઓ બંધ કરાવવા આંદોલન કરવાની નોબત આવી છે. આ તરફ પોલીસે આરોપીઓને ઝડપી મુદ્દામાલ પરત નહીં કરાવતાં ગ્રામજનો આકરાં પાણીએ આવ્યા છે. ગ્રામજનોની માંગ છે કે જ્યાં સુધી પોલીસ ચોર ટોળકીને પકડીને ચોરીમાં ગયેલ મુદ્દામાલ પરત નહી અપાવે ત્યાં સુધી આ રસ્તા રોકો આંદોલન ચાલુ રહેશે.

ચોરી કરનાર ટોળકી સક્રિય બનતાં છાશવારે ચોરીની ઘટના સામે આવી છે. વિરમપુર વિસ્તારના લોકો પશુપાલન સાથે સંકળાયેલા છે અને પશુપાલનથી જ પોતાની આજીવિકા ચલાવે છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે આ વિસ્તારમાં ચોરો દિન-દહાડે ડરાવી-ધમકાવી પશુ ચોરી કરી ફરાર થઈ જતાં હોય છે.

કોરોના અનલોકમાં મળેલી છૂટ વચ્ચે ચોરીની ઘટનામાં પણ સુધી પ્રશાસન તરફથી ચોર ટોળકીને પકડીને તેમની પાસેથી મુદ્દામાલ પરત ના અપાવે ત્યાં સુધી રસ્તા રોકો આંદોલન શરૂ રહેશે તેમ માજી પ્રમુખ શંકરભાઈ માણસાએ કહ્યુ હતુ. નોંધનિય છે કે માજી પ્રમુખના ઘરે જ ૫ બકરાની ચોરી થઈ હોવાની ઘટના પણ બહાર આવી હતી. આ સાથે અવાર-નવાર પશુ ચોરીની ઘટના બનતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પાથાવાડા પોલીસે કન્ટેનરમાથી દેશી અને વિદેશી દારૂ ઝડપી પાડ્યો

છેલ્લા કેટલાય સમયથી થરાદ એએસપી પૂજા યાદવ ની તેમજ પાથાવાડા પોલીસ ની સતર્કતા ને લીધે રાજસ્થાન માથી ગુજરાતમાં લાખો રૂપિયા ના દારૂની ઘૂસણખોરી નિષ્ફળ બનાવી છે. બાતમીના આધારે મળેલ માહિતી ના આધારે મળેલી હકીકત વાળી હરિયાણા તરફથી થી આવતી HR 39 E 8248 નંબરના ટ્રક નેરાજસ્થાન માંથી ગુજરાતમાં ધૂસણખોરી કરતી અટકાવી તેણી તલાસી લેતા મોટી માત્રામાં દેશી મદીરા તેમજ વિદેશી દારૂ મળી આવ્યો હતો. ટ્રકમાં રહેલા મુદ્દામાલને ચેકપોસ્ટ પર ઉતારવો હિતાવહ ન હોવાથી પાથાવાડા પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો. દેશી દારૂ તેમજ વિદેશી દારૂની ગણતરી કુલ ટ્રક સહિત ૫૨,૬૮,૮૬૦ મુદામાલ સાથે ટ્રક ચાલક કલ્યાણ અમીલાલ ચમાર રહે. સુરાણી. જી. મહેન્દ્ર ગઠ હરિયાણાની અટકાયત કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

અરવલ્લીમાં કોવિડ વિજય રથનું મોડાસામાં આગમન

જિલ્લા વિકાસ અધિકારી ડો. અનિલ ધામેલીયાએ લીલી ઝંડી આપી રથનું પ્રસ્થાન કરાવ્યું

કોવિડ સામેની લડાઈના આ નિર્ણાયક તબક્કામાં લોકોનો આત્મવિશ્વાસ વધુ બુલંદ થાય અને સાવચેતી રાખવામાં હજુ વધુ જાગૃતિ કેળવાય તેવા ઈરાદાથી રાજ્યમાં કોવિડ વિજય રથ દ્વારા કોરોના જાગૃતતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

ઉત્તર ગુજરાત ઝોનના કોવિડ વિજયરથનું બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા જિલ્લા બાદ અરવલ્લી જિલ્લામા આગમન થઈ ચૂક્યું છે ત્યારે આજરોજ અરવલ્લી જિલ્લા પંચાયત, મોડાસા ખાતેથી જિલ્લા વિકાસ અધિકારી ડૉ.અનિલ ધામેલિયાના વરદહસ્તે પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત આરોગ્ય સ્ટાફ તથા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કલાકારો દ્વારા કોવિડ વિજયરથ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે કોવિડ વિજયરથ જે મુખ્ય સંદેશ લોકોમા આપશે તેમાં સોશીયલ ડિસ્ટન્સ, માસ્કનો ફરજિયાત ઉપયોગ અને સેનેટાઈજેશન એટલે કે હાથને વારંવાર સાફ કરવા સાચા અર્થમા ઉપયોગી સાબિત થશે. વધુમા તેમણે જણાવ્યું કે કેન્દ્રના માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રાદેશિક લોકસંપર્ક બ્યુરો, પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો અને યુનિસેફ

દ્વારા રાજ્યભરમાં પાંચ રથ દ્વારા આ અભિયાન ચાલી રહ્યું છે. આ અભિયાન દ્વારા કોરોના જાગૃતિનો સંદેશ, સરકાર દ્વારા લોકો માટે કરવામાં આવેલી વિવિધ પહેલની માહિતી અને મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્યને અનુલક્ષીને યોગ્ય પોષણની જાણકારી ગુજરાતના દરેક નાગરિક સુધી પહોંચાડવામાં આવી રહી છે.

કોવિડ વિજયરથ દ્વારા મફતમા હોમિયોપેથીક તેમજ આયુર્વેદિક દવાઓનું વિતરણ દ્વારા ખરેખર અદભૂત સેવાકીય કાર્ય કરી રહ્યા છે. છેલ્લાં ચાર અઠવાડિયાથી ચાલતો આ કોવિડ વિજયરથ બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા જીલ્લાના શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારોમાં ફરી જાગૃતિ સંદેશ ફેલાવી રહ્યો હતો. અરવલ્લી જિલ્લામાં કોવિડ વિજયરથની ભિલોડા મુકામેથી કોવિડ વિજયરથ જનજાગૃતિ અભિયાનની શરૂઆત થઈ છે ત્યારે જિલ્લાના શહેરી તથા ગ્રામીણ વિસ્તારો જેવા કે મોડાસા, મેઘરજ, માલપુર, બાયડ સાથે આગામી દિવસોમા અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમા પણ જનજાગૃતિ ફેલાવશે. આ પ્રસંગે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પૂરો સહયોગ સાંપડી રહ્યો છે. સામાજિક અંતર જળવાય એનું ધ્યાન રાખીને રથ પર માર્યાદિત સંખ્યામાં માત્ર ૪ કલાકારો પોતાની વિવિધ કલા જેવી કે ભવાઈ, ડાયરો, નાટક, જાદુ વગેરે દ્વારા ખૂબજ સહજરીતે અને સમજી શકાય તેવી હળવી શૈલીમાં જાગૃતતાના સંદેશ ફેલાવી રહ્યાં છે. રથમાં કોરોના વાયરસના સંક્રમણથી બચવાના ઉપાયો જણાવવાની સાથે રોગ પ્રતિકારક શક્તિ વધારવા આયુષ મંત્રાલએ પ્રમાણિત કરેલ આયુર્વેદિક તેમજ હોમિયોપેથી દવાનું પણ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા રોગપ્રતિકારક શક્તિ વધારવા ઉપયોગી આ દવાઓ અભિયાન દરમિયાન લોકોમાં વિનામૂલ્યે પૂરી પાડવા સહયોગ આપવામાં આવ્યો છે.

ધાનેરા અગ્રવાલ પાસે બનેલી રેલવે બ્રિજના કોન્ટ્રાક્ટર દ્વારા લોકોના જીવના જોખમે કામ કરવામાં રહ્યું છે

તંત્ર કાર્યવાહી કરે નહીતર આવનારા સમયમાં મોટી હોનારત સર્જાય તો કોઈ નવાઈની નહી

છેલ્લા બે વર્ષ જેટલા સમયથી ધાનેરામાં રેલવે બ્રિજ બનાવવાનું કામ ચાલી રહ્યું છે અને આ કામ ગોકળ ગાયની ગતિએ રહી છે એક તરફ વાહનો તેમજ લોકો પસાર થઈ રહ્યા છે તો બીજી તરફ ક્રેન દ્વારા ભારે લોખંડ બ્રિજ પર ચડાવવામાં આવી રહ્યા છે સવાર દંપતીને સામાન્ય ઈજા થઈ હતી તે બાદ પણ આ કોન્ટ્રાક્ટરની આંખ ન ખુલતા આજે પણ આવી જ રીતે કામગીરી

ચાલી રહ્યું છે જેથી કરીને સ્થાનિક લોકો તેમજ વાહન ચાલકો પણ ત્રાહિમામ પોકારી ઉઠયા છે જો વાત કરવામાં આવે આ કામગીરીને તો કોન્ટ્રાક્ટર દ્વારા લોકો તેમજ મજુરોના જીવના જોખમે કામગીરી કરવામાં આવી લોકોની અવરજવર તેમજ વાહનો પર કદાચ આ ભારે લોખંડ પડે તો મોટી હોનારત સર્જાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે .

અગાઉ પણ આવી જ રીતે લોખંડ ની ભરી લોખંડની બ્રિજ ઉપર થી છુટી જતા એક બાઈક કરવામાં આવી રહી છે મારે ધાનેરા સ્થાનિક તંત્ર તેમજ લાગતા વળગતા અધિકારીઓ આ બાબતે પૂરતું ધ્યાન આપે નહીંતર આવનારા સમયમાં મોટી જાનહાનિ સર્જાય તો પણ કોઈ નવાઈની વાત નથી.

બિહારમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કહ્યું કે આરજેડી શાસન દરમિયાન કોઈ કામ કરવામાં આવ્યું નથી. પટનામાં ભાજપ-જેડીયુ સંયુક્ત પત્રકાર પરિષદમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ સંજય જયસ્વાલે ફરીથી કહ્યું કે નીતિશ કુમાર એનડીએના નેતા છે. બિહારના ડેપ્યુટી સીએમ સુશીલ મોદીએ કહ્યું કે બિહાર એનડીએમાં એકસરખું રહેશે જે નીતીશ કુમારને નેતા માનશે. એનડીએ ફક્ત પીએમ મોદીના ચિત્રનો ઉપયોગ કરશે. જો જરૂર પડે તો તે ચૂંટણી પંચને જાણ કરવામાં આવશે. બિહાર ભાજપના પ્રભારી ભૂપેન્દ્ર યાદવે કહ્યું કે આ વખતે બિહારમાં એનડીએને પૂર્ણ બહુમતી મળવા જઈ રહી છે. એલજેપીના અલગ થવા પર જેડીયુએ કહ્યું - કોઈ ફરક નથી, એનડીએનું મૂળ સ્વરૂપ અકબંધ છે, શક્તિ મલિકની હત્યા પર રાજીવ રંજનએ કહ્યું પ્રેસ કોન્ફરન્સ દરમિયાન નિતીશ કુમારે કહ્યું કે દરેકને ખબર છે કે આપણે જે લોકો ૧૫ વર્ષથી કામ કરી રહ્યા છે અને જેમને તે પહેલા ૧૫ વર્ષ કામ કરવાની તક મળી છે તેની તુલના આપણે જોઈ શકીએ છીએ. પહેલા ૧૫ વર્ષમાં આર્થિક સ્થિતિ કેવી હતી, કાયદાની શું હાલત હતી, કેટલી સામૂહિક હત્યા થઈ. સામૂહિક હત્યાકાંડ જેવી ઘટનાઓ બની હતી. બધા જાણે છે કે કેટલા રમખાણો થયા. દરેક વ્યક્તિ જાણે છે કે અમે કેવી રીતે અભિનય કર્યો. બિહારમાં આપણે કેટલું કામ કર્યું છે તે બધાની સામે છે.

વીજ સંકટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિતરણ નિગમના ખાનગીકરણના પ્રસ્તાવને પાછો ખેંચવાની ઘોષણા કરી અને સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કર્યા. જોકે, યુપી પાવર કોર્પોરેશન અને વિદ્યુત કામદારો વચ્ચે કોઈ કરાર નથી. ઊર્જા પ્રધાન શ્રીકાંત શર્માની સૂચના છતાં યુપીપીસીએલના અધ્યક્ષે એમઓયુ પર સહી કરી ન હતી. ચેરમેને સંમતિ ફોર્મ પર વિચાર કરવા માટે સમય માગ્યો છે. આ રીતે, વીજ કામદારોની હડતાલ ચાલુ રહેશે. રાજ્યના વીજ કર્મચારીઓ સોમવારથી હડતાલ પર છે. છેલ્લા બે દિવસથી લોકોની હાલત ખરાબ છે. ફોલ્ટ રિપેર સહિત ગ્રાહક સેવાઓ સંબંધિત કામ અસરગ્રસ્ત છે. ઊર્જા વ્યવસ્થાપન અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વીજ પુરવઠો પુન સ્થાપિત કરવા માટે પોલીસ વોચ સાથે અનેક વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે, પરંતુ તમામ ખામી સામે નિષ્ફળ ગયા છે. ગુપ્તચર અહેવાલ મુજબ, કર્મચારીઓ કોઈપણ સમયે અનિશ્ચિત હડતાલ અને જેલભરો આંદોલન શરૂ કરી શકે છે. ઉત્તરપ્રદેશમાં ખાનગીકરણની વિરુદ્ધ, વીજળીના કામદારોના કામના બહિષ્કારને કારણે વીજળીના અભાવને લીધે લોકોને હવે પીવા માટે પાણીની પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પરિસ્થિતિની ગંભીરતાને સમજીને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ બાબતને ધ્યાનમાં લીધી છે.

૧૮ સંક્રમિત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમને પણ સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત સે. ૨૪ માંથી એક ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૧૬ માં રહેતા અને જીસીઈઆરટીમાં અધ્યાપક તરીકે ફરજો બજાવતા ૪૧ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૧૪ માંથી એક ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૫ માંથી ૬૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૧માં રહેતા બાવળા ફાર્મા કંપનીમાં ફરજો બજાવતા ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આ દર્દીને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨૩ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૯૦ વર્ષીય વૃદ્ધા તેમજ ૪૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૯૦ વર્ષીય વૃદ્ધાને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. જ્યારે ૪૫ વર્ષીય ગૃહીણીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૭ માંથી ૫૦ વર્ષીય ગૃહણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ૬૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૭૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત એ.એસ.આઈ. તરીકે ફરજો બજાવતા ૫૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે વધુ ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે શહેરમાં ૧૧૮૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. શહેરમાં હાલ ૨૧૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા ૨૩૦ને પાર કરી ગઈ છે.

સો વર્ષની વૃદ્ધા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યા છે. ખાનગી નોકરી કરતા ૩૬ વર્ષીના પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયો છે. આ ઉપરાંત ૨૬ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્ય છે તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. દહેગામ તાલુકામાં આજે બે કેસ મળી આવ્યા છે. એક કેસ અર્બન વિસ્તારમાંથી અને એક કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી મળ્યો છે. અર્બન વિસ્તારમાંથી ૪૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જ્યારે અંગુઠલા ગામેથી ૩૭ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. માણસા તાલુકામાં ચરાડા ગામેથી ૭૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત માણસા અર્બન વિસ્તારમાંથી પણ ૫૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કર્મયોગીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. કલોલ તાલુકામાં આજે પાંચ કેસ નોંધાયા છે. જે પૈકી ૪ કેસ ગ્રામ્ય વિસ્તારમાં અને એક કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવેલ છે. કલોલ તાલુકાના કરોલી ગામેથી ૫૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મોટી ભોંયણ ગામેથી ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ખોલા ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. ૨૦ વર્ષીય યુવાન અને ૨૨ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને યુવાનો ખાનગી નોકરી કરે છે તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૭૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે. જિલ્લામાં આજે ૧૭ દર્દીઓએ રિકવરી પ્રાપ્ત કરતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૧૯૯૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં આજે ૧૪૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૫,૧૫૮ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

નવાં કલેવર ● અનુસંધાન ચોથાનું ચાલુ

ચીજો લઈને મેડમ શું કામ આવ્યા? રાધાને પોતાની પાસે બેસાડી અને બોલી, 'મને મેડમ નહીં કહેવાનું. મને તારી બહેન સમજ. આ બધું હું મારા માટે લાવી નથી. આ નાના છોકરાઓ માટે લાવી છું. અને હાં, રાજુ માટે એક સારા ડૉક્ટરનો સમય લીધો છે. આપણે સાંજે સાત વાગે તેને બતાવવા જવાનું છે. તેનું ઓપરેશન સારી રીતે થઈ જશે અને રાજુ સરસ રીતે દોડવા લાગશે.' રાધાની આંખમાં ખુશીના આંસુ આવી ગયા. વૈશાલીએ કહ્યું, બહેન, રોવાની જરૂર નથી. હવે આ ઘરની બધી જવાબદારી મારી છે.

વૈશાલી મનમાં વિચારવા લાગી. 'રાધા શું તને એમ છે કે હું એટલી નાની છું અને તું મોટી છે. આજ તમારા લોકોને કારણે મારી આંખો ખૂલી ગઈ. મારી પાસે આટલું બધું હોવા છતાં હું ભગવાન પાસે વધુ મળે તે માટે માગતી રહી. મને ક્યારેય સંતોષ થયો જ નહીં. પણ મને આજ સમજાયું કે અસલી ખુશી મેળવવામાં નહીં કોઈને આપવામાં છે.'

પ્રાંતિજના હાર્દ સમાન વાસુદેવ સો.રાવલ સર્કલ મીની ગાર્ડન બેહાલ જંગલી ઘાસ ઉગી નિકળ્યું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના હાર્દ સમાન શ્રી વાસુદેવ સો.રાવલ સર્કલ મીની ગાર્ડન બે હાલ ગાર્ડનમાં ગંદકી અને જંગલી ઘાસ ઉગી નિકળ્યું છે અને રાત્રી દરમ્યાન હનુમાન ચોક વિસ્તારોમાં અંધારપટ છવાયો છે. મીની ગાર્ડન સર્કલમા વચ્ચોવચ્ચ મુકવામાં આવેલ ફુવારાનો કયારામાં પણ

તો ગાંધી જયંતિ સ્વચ્છતા અભિયાન સપ્તાહના ધજાગરા ઉડી રહ્યા છે.

પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ પાસે આવેલ હનુમાન ચોક પાસે આવેલ પ્રાંતિજના હાર્દ સમાન શ્રી વાસુદેવ સો.રાવલ સર્કલ મીની ગાર્ડન બન્યો બેહાલ તો સ્વચ્છતાના અભાવે હાલ તો અહીં મીની ગાર્ડન સર્કલમાં નકામું મોટું મોટુ જંગલી ઘાસ ઉગી નીકળ્યુ છે. સર્કલમા વચ્ચે ઉભો કરવામાં આવેલ વિજટાવર ઉપર પણ જંગલી નકામી વેલા છેક ૩૦ ફુટના વિજટાવર ઉપર ચડીને વિટાઈ જતાં વિજ ટાવર પણ ખોવાઈ ગયો છે અને તેની ઉપર લગાવેલી વિજ લાઈટો રાત્રીના સમયે ચાલુ થતાં અવાવરૂ વેલા વિટાયેલા રહેતા પ્રકાશ પણ હાલ તો ઢંકાઈ ગયો છે એક-એક ફુટ જેટલા ગંદકીના થોળ જામ્યો છે અને ગંદકીથી બદબદી ઉઠયો છે. આજુબાજુમા આવેલ વેપારીઓ તથા રાત્રી દરમ્યાન અવરજવર કરતા લોકોનું કહેવું છેકે પવન આવે છે ત્યારે આ ફુવારાના કયારામાં રહેલ ગંદા પાણીને લઈને દુર્ગંધ પણ મારે છે તો ડેન્ગ્યુ, મેલેરિયાના મચ્છરો પણ સરળ લઈ રહ્યા છે. નગરપાલિકા તંત્ર હાલ તો જાણે રોગચાળાને આમંત્રણ નોતરતુ હોય તેવું જણાઈ આવે છે. હાલ તો ગાંધી જયંતિ સ્વચ્છતા અભિયાન સપ્તાહના ધજાગરા ઉડાળતુ હોય તેવું લાગી રહ્યું છે ત્યારે લાખ્ખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ પ્રાંતિજના હાર્દ સમાન શ્રી વાસુદેવ સો.રાવલ સર્કલ મીની ગાર્ડનની સફાઈ તથા જાળવણી કરવામાં આવે તેવી હાલ તો લોકમાર્ગ ઉડવા પામી છે.

રિનોવેશન કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પડી જવાની સાથે સ્ટેજ પરની લાઈટ નીચે પડતા કલાકારોને ઈજા થઈ હોવાના દાખલા પણ છે. ટાઉનહોલનુ એસી પણ છેલ્લા ઘણાં સમયથી કામ કરતુ નથી જયારે ઉંદર બિલાડીનુ ઘર બનેલા ટાઉનહોલના રીનોવેશન માટે લાંબા સમયથી માંગ ઉઠવા પામી છે. ટાઉનહોલની બેઠક વ્યવસ્થા પણ શ્રોતાઓને અકળાવનારી બની છે. સાંકડી બેઠક વ્યવસ્થાના લીધે સિનિયર સિટીઝન તો આ ખુરશીમાં બેસી શકે તેવી હાલત પણ નથી. લોકડાઉન પુર્વે હોલ જોખમી બનતા ભાડા પેટે ફાળવવાનુ પણ બંધ કરી દેવાયુ હતુ. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ ટાઉનહોલના રીનોવેશન માટે છેલ્લા ઘણાં સમયથી માર્ગ મકાન વિભાગમાં કાગળો ફરતા થયા હતા પરંતુ કાગળ પરની યોજના આખરી ન થતા હજુ પણ ટાઉનહોલ કંગાળ સ્થિતિમાં જોવા મળી રહ્યો છે. ટાઉનહોલનુ રીનોવેશન હાથ ધરવા માટે હવે આખરી આયોજન થઈ ગયુ હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. જે મુજબ ટાઉનહોલના હયાત સ્ટ્રકચરને યથાવત રાખવામાં આવશે. જયારે હોલની અંદરની સાઈડમાં ઈન્ટિરીયર બદલાઈ જશે. ટાઉનહોલને નવી અને અદ્યતન સુવિધાઓ સાથે અપગ્રેડ કરાશે. જેમાં ટાઉનહોલમાં નવી આરામદાયક બેઠક વ્યવસ્થા ઉભી કરાશે. આ ઉપરાંત એ સી પ્લાન્ટ પણ નવો નાંખવામાં આવશે. લાઈટીંગ અને સાઉન્ડનુ પણ નવિનીકરણ કરાશે. ઈલેક્ટ્રીફિકેશન પણ નવુ કરાશે. કલાકારો માટે ગ્રીન રૂમ પણ નવો બનશે. જયારે ટાઉનહોલમાં બે લીફ્ટ પણ મુકાશે. જેમાંથી એક લીફ્ટનો ઉપયોગ વી આઈ પી મહેમાનો માટે થશે. ટાઉનહોલના કેમ્પસમાં પાર્કીંગ એરિયા ખુલ્લો જ રહેશે. ટાઉનહોલના રીનોવેશનને અનુલક્ષી નગરની કલા સંસ્થાઓ તેમજ કલાકારો સહીત નગરજનો પણ ઉત્સુક છે. લાંબા સમયથી આ પ્રોજેકટ અટવાયેલો છે. જયારે લોકડાઉનના લીધે આ કામગીરીમાં વિલંબ થયો છે. જો કે આ પ્રોજેકટ અન્વયે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી દેવામાં આવી છે. આ કામગીરી પાછળ ૧૭ કરોડનો ખર્ચ કરાશે. ટેન્ડર મંજુરીના અંતે આગામી બે થી ત્રણ મહીનામાં ટાઉનહોલના રીનોવેશનનુ કામ શરૂ કરી દેવાશે.

ડિજિટલ ક્રાંતિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગામડાઓમાં ઓનલાઈન સેવાઓ શરૂ કવામાં આવશે. આ અંગે સીએમ રૂપાણીએ જણાવ્યું કે, આ કાર્યક્રમથી વચેટિયા પ્રથા બંધ થઈ જશે. ગ્રામ્ય વિસ્તારના લોકોએ બહાર નહીં જવુ પડે. ૨ હજાર ગ્રામપંચાયતોમાં ૨૦ સેવાઓ શરૂ થશે. તાલુકા કક્ષા સુધી દાખલો લેવા જવાની જરૂર નહીં પડે. Oaths Act ૧૯૬૯ની કલમ-૩ની જોગવાઈઓ મુજબ કરવાના સોગંદનામા એફિડેવિટ કરવા માટે ગ્રામ્યકક્ષાએ ગ્રામ પંચાયત તલાટી કમ મંત્રીને સત્તાઓ આપવામાં આવશે. જેથી ગ્રામીણ નાગરિકોને ગામમાંથી જ એફિડેવીટ ગ્રામ પંચાયતમાં ઉપલબ્ધ થઈ શકશે. રૂપાણીએ ગામડાને જ મિની સચિવાલય બનાવવાનો નવિન કોન્સેપ્ટ આ ડિઝીટલ સેવાસેતુમાં અપનાવ્યો છે. આ અંતર્ગત ગ્રામ પંચાયતના સેવા કેન્દ્ર-ગ્રામ પંચાયત કચેરીએથી જ હવે, રેશનકાર્ડની સેવાઓમાં નામ દાખલ કરવું, નામ કઢાવવું કે સુધારો કરવો અથવા ડુપ્લીકેટ રેશનકાર્ડ મેળવવું જેવી સેવાઓ, આવકનો દાખલો, સિનીયર સિટીઝનનો દાખલો, ક્રિમીલીયર સિર્ટિફિકેટ, જાતિના પ્રમાણપત્રો જેવી સેવાઓ ડિઝીટલ સેવા સેતુ માધ્યમથી માત્ર ૨૦ રૂપિયાની નજીવી ફીથી મળશે.